ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૫.૮ ડીગ્રી
લઘુતમ : ૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૫૭ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં યોજાયેલ પુસ્તક મેળાને પ્રોત્સાહક પ્રતિસાદ



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સેકટર-૧૨ ખાતેના બલરામ મંદિર પરિસરમાં શહેરના ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત વિરાટ પુસ્તક મેળાનો નાગરિકો તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આ પુસ્તક મેળાની દરરોજ શહેરના વિદ્યાર્થીઓ, મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો સહિત વાંચકરસિકો મોટી સંખ્યામાં મુલાકાત લઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ પુસ્તક મેળો આગામી તા. ૨૩મી ડિસેમ્બર સુધી દરરોજ સવારે ૯ થી સાંજના ૮ વાગ્યા સુધી કાર્યરત રહેશે. જેમાં પુસ્તકોના વેચાણ ૫૦ ટકા મુલ્યે કરવામાં આવી રહ્યા છે.

ગાયત્રી શકિતપીઠની 'યુગ સાહિત્ય વિસ્તાર યોજના' અંતર્ગત આયોજિત વિરાટ પુસ્તક મેળામાં ગાયત્રી પરિવારના સ્થાપક પંડિત શ્રી રામશર્મા આચાર્ય લિખિત ૩૨૦૦થી વધુ પુસ્તકો પૈકી એક હજાર જેટલા પુસ્તકોનું વિતરણ કરાઈ રહ્યું છે. આ પુસ્તકોની છાપેલી કિંમત પર સદ્ સાહિત્ય બ્રહ્મભોજ યોજના અંતર્ગત ૫૦ ટકા ડિસ્કાઉન્ટથી વેચવામાં આવી રહ્યા છે. પુસ્તક મેળાનું આયોજન ગાયત્રી પરીવાર દ્વારા નૈતિક મૂલ્યોનું સંવર્ધન, વર્તમાન સમસ્યાનું સમાધાન, ભટકતી માનવતાને યોગ્ય દિશા ચિંધવા સાથે જીવનના તમામ દૃષ્ટિકોણને સ્પર્શતા પુસ્તકોનું વાંચન સમાજમાં વધે તે હેતુથી કરવામાં આવ્યું છે. વિરાટ પુસ્તક મેળામાં માનવજીવનને સ્પર્શતા વિષયો આધારિત પુસ્તકોનો અઢળક જથ્થો ઉપલબ્ધ રાખવામાં આવ્યો છે અને ગાયત્રી પરિવારના સ્વયંસેવકો પુસ્તક રસિકોને તકલીફ ના પડે તે હેતુથી ખડે પગે સેવા આપી રહ્યા છે.



# ગૌરક્ષા માટે સૌરાષ્ટ્રના ત્રણ યુવાનોની ૮ હજાર કિમીની સાયકલ યાત્રા

## રાજયના ૩૩ જિલ્લાઓ આવરી લેતી યાત્રામાં દરેક જિલ્લા કલેકટરને આવેદન પત્ર





ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાં ગૌ વંશની હત્યા અટકાવવા ગૌ રક્ષા માટેનો કડક કાયદો અમલમાં હોવા છતાં રાજયમાં હજુ પણ ગૌવંશની તસ્કરી કરનારાઓ સાથે ગૌરક્ષકોની અથડામણની ઘટનાઓ થતી રહે છે. આ સંજોગોમાં ભાવનગર તથા અમરેલી જિલ્લાના ૩ યુવાનોએ ગૌ રક્ષા માટે સરકારને ઢંઢોળવા તથા સમાજને જાગૃત કરવા અનોખો પ્રયાસ હાથ ધર્યો છે. જે અંતર્ગત ત્રણેય યુવાનોએ રાજયભરમાં ૮ હજાર કિલોમીટરની સાયકલ યાત્રા હાથ ધરી છે. આજે આ યુવાનો ગાંધીનગર આવી પહોંચ્યા હતા.

ગૌ માતા રાષ્ટ્ર માતા તરીકે પ્રસ્થાપિત થાય તે હેતુથી રાજયના ૩ જિલ્લાઓને આવરી લેતી સાયકલ યાત્રાના આયોજક અખિલ ભારતીય નવયુગ સંસ્થાના સંદીપદાન ગઢવીએ ૨૨ ઓકટોબરે ભાવનગરથી સાયકલ યાત્રાનો પ્રારંભ કર્યો હતો અને દરેક જિલ્લાના કલેકટરને ગૌ રક્ષા માટે આવેદનપત્ર આપી રહ્યા છે. આવેદનપત્રમાં ગુજરાતના ગૌચર દબાણમુકત થાય તેવી માંગ સાથે રાત્રિના ૭ થી સવારના ૭ વાગ્યા દરમિયાન ગૌ વંશની હેરફેર પર પ્રતિબંધનો કડક અમલ કરવાની માંગ કરવામાં આવી છે. આ સાથે રાજયના ગૌરવ સમી ગીરગાયને ગુજરાત બહાર મોકલવા પર પ્રતિબંધ મુકવામાં આવે અને ગૌવંશના હત્યારાઓ પર રાજદ્રોહનો ગુનો દાખલ કરવાની માંગ પણ આવેદનપત્રમાં કરવામાં આવી છે. આ સાથે ત્રણેય યુવાનોએ આજે ગાંધીનગર જિલ્લા કલેકટરને આવદનપત્ર આપ્યું હતું.

# વિશ્વ માનવ એકતા દિને ઓમકાર સ્કૂલના બાળકોની 'દાંડી કુટિર પદયાત્રા'

ગાંધીનગર, તા.૨૦

સમગ્ર દેશમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિના ૧૫૦મા વર્ષની ઉજવણી કરાઈ રહી છે. અહિંસાના પુજારી અને વિશ્વ માનવસમા પૂ. બાપુએ ચિંધેલા માનવ એકતાના સંદેશને પ્રસરાવતો આજે વિશ્વ માનવ એકતા દિવસ હતો. જેની સે-૧૩ની ઓમકાર સ્કૂલના બાળકોએ પદયાત્રા થકી અનોખી રીતે ઉજવ્યો હતો.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જન ચેતના જાગ્રત કરવાના હેતુથી ગાંધીજીએ દાંડીયાત્રા કરી હતી. આજે ઓમકાર સ્કૂલના બાળકોએ પૂ. બાપુના આ સંદેશ સાથે માનવ એકતાની સુવાસ પ્રસરાવવા શાળાથી દાંડી કુટિર સુધીની શાંતિ પદયાત્રા યોજી હતી. પદયાત્રાના સમાપને બાળકોએ દાંડી કુટિર ખાતે પૂ. બાપુની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી સર્વ ધર્મ પ્રાર્થના યોજી હતી. શાંતિ પદયાત્રામાં બાળકોએ ગાંધીજી ઉપરાંત સર્વધર્મના પ્રતિક સમા ચાર ધર્મના વડાઓનો પહેરવેશ ધારણ કર્યો હતો. આ સાથે બાળકોએ માનવ એકતા, શાંતિ-સદભાવ અને ભાઈચારાનો સંદેશ પાઠવ્યો હતો.





# ચિલોડા-ગાંધીનગર માર્ગ પર અકસ્માતથી ટ્રાફિક ચક્કાજામ

ચિલોડા, તા. ૨૦

ગાંધીનગરના ચિલોડાથી ગાંધીનગર જતા માર્ગ પર ૧૧ વાગ્યાના સમયે ચિલોડાથી ગાંધીનગર તરફ જતી ત્રણ ટ્રકોનો એકબીજા સાથે અકસ્માત થયો હતો. મીની ટ્રક ૪૦૭ આગળ જતાં લાંબી ટ્રકે અચાનક બ્રેક મારતા મીની ટ્રક ઘુસી જતાં નુકસાન થયું હતું. આ અકસ્માતથી રોડની જમણી સાઈડ ટ્રક અક્સ્માત સર્જાતા અન્ય વાહનોને પસાર થવું મુશ્કેલ બન્યું હતું. પરીણામે રોડ પર વાહનોનો ચક્કાજામ સર્જાતા વાહનચાલકો પરેશાન બન્યા હતા.



# શાહપુર બ્રિજ નીચેથી આધેડનો મૃતદેહ મળી આવતા ચકચાર

## બાસણ ગામના માનસિક બીમારીથી પીડાતા આધેડનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું : મૃત્યુનું કારણ રહસ્યમય

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર નજીકથી પસાર થતી સાબરમતી નદી પર આવેલા શાહપુર બ્રિજ નીચેથી આજે બપોરના અરસામાં શંકાસ્પદ હાલતમાં આધેડનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. શાહપુર બ્રિજ પાસેથી પસાર થઈ રહેલાં રાહદારીનું ધ્યાન બ્રિજ નીચે પડેલા મૃતદેહ પર પડતા તેણે તાત્કાલિક આ મામલે પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. ઈન્ફોસિટી પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં મૃતદેહ બાસણ ગામના માનસિક બીમારીથી પીડાતા એક આધેડનો હોવાનું પોલીસને જાણવા મળ્યું છે. જો કે મૃત્યુનું કારણ હજુ રહસ્યમય છે તે મામલે પોલીસે તપાસ આરંભી છે.

ગાંધીનગર પાસે શાહપુરથી લવારપુર તરફ જતા માર્ગ ઉપર આવેલા સાબરમતી નદીના બ્રિજ નીચેથી આજે આજે બપોરના અરસામાં એક આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો. નદીના પટમાં પડેલા મૃતદેહને જોઈને ત્યાથી પસાર થતા એક રાહદારીએ આ મામલે પોલીસને જાણ કરી હતી. આ બનાવની જાણ ઈન્ફોસિટી પોલીસને થતા પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને ઘટનાની તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ મૃતદેહ બાસણ ગામના ૫૮ વર્ષિય ભમરસિંહ કેસરીસિંહ બિહોલાનો છે. ભમ્મરસિંહ ગઈકાલે સાંજના સમયે ઘરેથી નીકળી ગયા હતા અને માનસિક બિમારીથી પિડાતા પણ હતા. જો કે ભમ્મરસિંહનું મૃત્યુ કયા કારણસર થયું તે હજુ બહાર આવ્યુ નથી. ઈન્ફોસિટી પોલીસે તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

# વાવોલમાં જુગારના અડ્ડા પર દરોડો : ૫ પકડાયા, ૫ ફરાર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં કુબેરનગર પાસે ખુલ્લેઆમ ધમધમતા જુગારના અડ્ડા ઉપર સેક્ટર-૭ પોલીસે દરોડો પાડયો હતો. પોલીસને જોઈને જુગારના અડ્ડાઓ પર જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે પાંચ હજારના રોકડ મુદ્દામાલ સાથે ૫ જુગારીઓની ધરપકડ કરી ફરાર થઈ ગયેલા અન્ય પાંચ જુગારીઓને પકડી પાડવા કવાયત શરૂ કરી છે.

સેક્ટર-૭ પોલીસ ગઈ કાલે મોડી સાંજે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન વાવોલ ગામ નજીક ગોકુળપરા છાપરા પાસે ટીમ પહોંચી ત્યારે ખાનગી રાહે બાતમી મળી હતી કે વાવોલ ખાતે કુબેરનગર પાસેના ખુલ્લા મેદાનમાં કેટલાંક જુગારીઓ તીનપત્તીનો જુગાર રમી રહ્યા છે. વાવોલ ગામના કુબેરનગર ખાતે ખુલ્લા મેદાનમાં ચાલતા આ જુગારધામ પર સે-૭ પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે દરોડો પાડતા પાંચ શકુનિઓ નાસી છૂટવામાં સફળ થયા હતા. જ્યારે પાંચ શકુનિઓ પકડાઈ ગયા હતા. પોલીસે બાતમીવાળી જગ્યાએ દરોડો પાડ્યો ત્યારે ત્યા ૧૦ શખ્સો જુગાર રમવા બેઠા હતા. પોલીસની રેડ દરમિયાન જુગારીઓમાં થયેલી નાસભાગમાં પાંચ જુગારીઓ નાસી છૂટવામાં સફળ થયા હતા.પોલીસે સ્થળ પરથી ગોકુળપુરા ખાતે રહેતા સંજય નગીનભાઈ પટ્ટણી, રાકેશ નાનજીભાઈ પરમાર, અકબર મહંમદભાઈ વડગામા, અશોક ભજનભાઈ દંતાણી અને રામજી હુકાભાઈ પરમારની ધરપકડ કરી લીધી હતી. તો બીજી તરફ ગોકળપુરાના સંજય સોમાભાઈ આદીવાસી, કિરણ દંતાણી, મન્યો, શુંભુ વણઝારા અને ધનિયો વણઝારા નામનાં પાંચ શકુનિઓ નાસી છુટ્યા હતા. પકડાયેલા પાંચ શખ્સોની અંગડઝડતી કરતાં કુલ ૪૮૮૦ રોકડા મળી આવ્યા હતા. સે-૭ પોલીસે ૧૦ શકુનિઓ વિરૂદ્ધ જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને નાસી છૂટેલા પાંચ જુગારીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# અડાલજ ખાતે પંચતત્વની થીમ આધારિત સર્કલનું લોકાર્પણ

## ઉજ્જવળ ભાવિ પેઢી અને સમાજના ઘડતર માટે શિક્ષણ જરૂરી છે : નિતીનભાઇ પટેલ







ગાંધીનગર, તા.૨૦

ઉજ્જવળ ભાવિ પેઢી અને સમાજના ઘડતર માટે શિક્ષણ ખૂબ જ જરૂરી છે. તેવું શ્રી અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ અડાલજ દ્વારા અડાલજ ચાર રસ્તા પાસે પંચતત્વની થીમ આધારિત વિકસિત સર્કલના લોકાર્પણ પ્રસંગે રાજયના નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઇ પટેલે જણાવ્યું હતું.

નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઇ પટેલે જણાવ્યું હતું કે, વ્યાપાર- ધંધા અને રાજકીય ક્ષેત્રે આગળ આવેલ પાટીદાર સમાજના સંતાનોમાં શિક્ષણ મેળવવાની સાથે આઈ.એ.એસ, આઈ.પી.એસ. અને જી.પી.એસ.સી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ બને તે માટે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હાલના સમયમાં જરૂરી છે. ત્યારે શ્રી અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામનાર છાત્રાલય શહેરમાં ઉચ્ચ અભ્યાસ માટે આવતાં ગામડાના દીકરા-દીકરી માટે ખુબ ઉપયોગી બની રહેશે.

પાટીદાર સમાજ અનેક વર્ષો પૂર્વે પંજાબથી ગુજરાતમાં સૌ પ્રથમ અડાલજ ખાતે આવ્યા હોવાનો ઈતિહાસ છે, તેમ જણાવી નાયબ મુખ્ય મંત્રીશ્રીએ અડાલજમાં વિશ્વનું પ્રથમ પંચતત્વ આધારિત અન્નપૂર્ણા માતાજીનું મંદિરનું નિર્માણ થાય છે, તેનો આનંદ વ્યક્ત કરતાં ઉમેર્યુ હતું કે, પંચતત્વ આધારિત આ સર્કલ ધર્મ, સેવા, સંગઠન, સંસ્કાર અને શિક્ષણનું પ્રતિક બની રહેશે.

ગુજરાત રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરિભાઇ અમીને જણાવ્યું હતું કે, પાટીદાર સમાજના દીકરા- દીકરી રહેવા–જમવાની સુવિધા કે હોસ્ટેલ અભાવે સારી કોલેજમાં એડમિશન મળવા છતાં આવા અભ્યાસક્રમોથી વંચિત રહી ન જાય એ માટે શૈક્ષણિક હબ એવા અમદાવાદ અને ગાંધીનગરના મધ્યમાં અડાલજ ખાતે અન્નપૂર્ણા માતાજીનું મંદિર અને અદ્યતન છાત્રાલયનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આગામી ફેબ્રુઆરી માસમાં અન્નપૂર્ણા માતાના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે તે ઉપરાંત મંદિર નિર્માણ કાર્ય સાથે સાથે થનાર અન્ય કામોની પણ વિસ્તૃત વાત કરી હતી.

આ પ્રસંગે ઔડાના પૂર્વ ચેરમેન શ્રી સુરેન્દ્રભાઇ પટેલે પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે અડાલજ ચાર રસ્તા પાસે સ્થિત સર્કલને શ્રી અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ દ્વારા પૃથ્વી, વાયુ, જળ, આકાશ અને અગ્નિ તેમ પંચતત્વ આધારિત થીમ પર ભવ્ય રીતે વિકસાવવામાં આવેલ છે.

પ્રારંભમાં અન્નપૂર્ણા ધામ ટ્રસ્ટના ચેરમેન ટ્રસ્ટી શ્રી રવજીભાઇ વસાણીએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ગિરનારી આશ્રમના ગીતાદીદીએ આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમના અંતે મેનેજીંગ ટ્રસ્ટી શ્રી બિપીનભાઇ પટેલે આભારવિધી કરી હતી. તેમજ મહાનુભાવોના હસ્તે દાતાશ્રીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

આ લોકાર્પણ પ્રસંગે પૂર્વ મંત્રી શ્રી વલ્લભભાઇ કાકડિયા અને ગોરધનભાઇ ઝડફિયા સહિત મોટી સંખ્યામાં સમાજના ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.